Race Equality Foundation

## કોરોનાવાઈરસ (COVID-19) માટે કસોટી કે ટેસ્ટ કરાવવા

જો તમને અસ્વસ્થતા લાગે અને નીચે જણાવેલમાંના કોઈ એક અથવા વધારે હોય:

- ઊચુ શરીરનું ઉષ્ણતામાન;
- નવો, સતત કફ કે ઉધરસ;
- તમારી સૂંઘવાની અથવા સ્વાદ માટેની ઈન્દ્રિઓમાં ખોટ અથવા ફેરફાર;

તમારે ઘરમાં રહેવું જોઈએ અને 10 દિવસો સુધી સ્વયં- એકલા કે એકાંતવાસ રાખવો જોઈએ (ઘરમાં રહી અને બીજા લોકોથી દૂર રહો). જો તમને કોરોનાવાઈરસ થયો હોય તો તેની પણ કસોટી કે તપાસ કરાવવવાની ઈચ્છા હોઈ શકે.

<u>કેવી રીતે કસોટી કે ટેસ્ટ કરાવી શકાય</u>

જો તમને હાલમાં કોરોનાવાઈરસ હોય તો તેની તપાસ તમે સ્વોબ ટેસ્ટથી કરાવી શકો. તમે આવી કસોટી કરાવવાનું પસંદ કરી શકો:

- આજે તમારી નજીકના કોઈ ટેસ્ટ સ્થળમાં અને આવતી કાલે તમારું પરિણામ મેળવો, અથવા
- હોમ ટેસ્ટ કિટ સાથે

બીજી પણ કોઈ એક કસોટી છે, એન્ટિબોડિ ટેસ્ટ – પ્રતિપિંડ કસોટી કે જે તપાસ કરે કે જો તમને કોરોનાવાઈરસ થયો છે. આ હજી સુધી વિશાળરીતે મળી રહે તેમ નથી.

<u>કોને ટેસ્ટ કે કસોટી મળી શકે?</u>

તમને ટેસ્ટ કે કસોટી મળી શકે:

- જો તમને હાલમાં કોરોનાવાઈરસના લક્ષણો હોય તો, તમારા માટે;
- તમારી સાથે રહેનાર કોઈ એક વ્યક્તિને જો તેઓને રોગના લક્ષણો હોય;
- જો તમે ઈંગ્લેન્ડમાં રહેતા હોય અને હોસ્પિટલમાં જતા પહેલાં તમને ટેસ્ટ કરાવવાનું કહેવામાં આવ્યુ હોય, દાખલા તરીકે, સર્જરિ માટે;
- જો તમે ફાટી નીકળેલ કોરોનાવાઈરસવાળા વિસ્તારમાં રહેતા, નોકરી- રોજગાર અથવા અભ્યાસ કરતા હો તો, તારીખ 6 ઓગસ્ટ 2020 ના રોજ આ હતા: Leicester, Luton, Pendle, અથવા Blackburn સાથે Darwen સ્થાનિક કાઉન્સિલો)

ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયરલેન્ડમાં રહેતા કોઈ પણ માટે આ ટેસ્ટ સર્વિસ – સેવા હોય છે

કયારે ટેસ્ટ કરાવી શકાય

જો તમને કોરોનાવાઈરસ રોગના લક્ષણો હોય તો, તમારે શકય હોય તેટલી જલદીથી આવો ટેસ્ટ કરાવવાની જરૂર રહે છે. રોગના લક્ષણોના પ્રથમ 5 દિવસોમાં તમારે ટેસ્ટ કરાવવાની જરૂર રહે છે.

આજેજ **અહીંયા** ટેસ્ટ કરાવવા માટે ટેસ્ટના સ્થળે વિઝિટ બુક કરો, અથવા જો તમે ટેસ્ટના સ્થળે જઈ શકો તેમ ન હો તો હોમ ટેસ્ટ કિટનો ઓર્ડર કરો.

1 થી 4 દિવસોમાં, તમે સ્થળ (સાઈટ) ઉપર અથવા ઘરે ટેસ્ટ કરાવી શકો. જો તમે 4 દિવસે હોમ ટેસ્ટ કિટનો ઓર્ડર કરતા હોય તો, બપોરના 3 વાગ્યા સુધીમાં કરશો.

5 માં દિવસે, તમારે ટેસ્ટના સ્થળે જવાની જરૂર રહેશે. હોમ ટેસ્ટ કિટ ઓર્ડર કરવા માટે બહુજ મોડુ થયુ છે.

અરજી કે વિનંતી કરવા માટે મદદ મેળવવા

ઓનલાઈન સર્વિસનો ઉપયોગ કરવામાં જો તમને કોઈ સમસ્યાઓ હોય તો, ફોન કરોઃ

જો તમે ઈંગ્લેન્ડ, વેલ્સ અથવા નોર્ધન આયરલેન્ડમાં હો તો 119

ટેલિફોન લાઈન સવારના 7 થી રાતના 11 સુધી ખુલ્લી હોય છે.

ટેસ્ટ માટે અરજી કરવા તમે ઓનલાઈન ઉપર જઈ શકો
https://self-referral.test-for-coronavirus.service.gov.uk/antigen/name

તમને રોગના લક્ષણો હોવાના કારણે જો તમે ટેસ્ટ કરાવી રહયા હો તો, તમને ટેસ્ટનું પરિણામ મળે ત્યાં સુધી તમારે અને તમારી સાથે રહેનાર કોઈ પણ વ્યક્તિએ અવશ્ય સ્વયં- એકાંતવાસ રાખવો જોઈએ. આવુ તમારા 'સપોર્ટ બબલ'ની કોઈ પણ વ્યક્તિને લાગુ પડે છે (આનો અર્થ એવો થાય કે કોઈ એક વ્યક્તિ જેઓ એકલા રહેતા હોય, અથવા કેવળ તેઓના બાળકો સાથે, અને બીજા 1 કુટુંબમાંથી લોકો).

ટેસ્ટ કે કસોટીમાં શું સમાવિષ્ટ હોય છે

આવી ટેસ્ટ કે કસોટીમાં, લાંબા કોટન બડનો ઉપયોગ કરી, તમારા ગળાની પાછળ અને તમારા નાકની અંદર સ્વોબ (ફાહા) લેવાનો સમાવેશ થાય છે.

(જો તમે 12 વર્ષની વયના અથવા તેનાથી મોટી ઉંમરના હો તો) તમે પોતે સ્વોબ કરી શકો અથવા તમારા માટે કોઈ એક વ્યક્તિ કરી શકે. 11 વર્ષની ઉંમરના અથવા તેનાથી નીચેના બાળકોનું માબાપો અથવા વાલીઓએ સ્વોબ ટેસ્ટ કરવો જોઈએ.

બીજી કોઈ વ્યક્તિ માટે ટેસ્ટ કરાવવો

જો તમારી સાથે રહેતા બીજા લોકોને રોગના લક્ષણો હોય તો, તમે તેમાંના 3 લોકો માટે ટેસ્ટસ ઓર્ડર કરી શકો.

જો તમે 13 વર્ષની ઉંમરના અથવા તેનાથી મોટી ઉંમરનાઓ માટે અરજી કરી રહયા હો તો, તેઓને માટે તમે ટેસ્ટ કરાવો તે માટે તેઓ રાજી- ખુશી છે તેની તપાસ કરો.

તમારા રોગના લક્ષણો વિષે તમને મેડિકલ કે તબીબી સલાહની જરૂર હોય તો

મદદ મેળવોઃ

ઈંગ્લેન્ડ: NHS 111 ઓનલાઈન કોરોનાવાઈરસ સર્વિસ

જો તમને ખૂબજ અસ્વસ્થતા લાગે અથવા એવુ વિચારો કે કંઈક ગંભીરપૂર્વક અયોગ્ય છે તો, 999 ને ફોન કરો.

વધારે માહિતી માટે કૃપા કરી કોરોનાવાઈરસ વિષે સરકારી માર્ગદર્શનનો ઉલ્લેખ કે રિફર કરો https://www.gov.uk/coronavirus